## તંત્રીશ્રીની કલમે

# દિલ્હીમાં શીતલહેરનો ૧૨ વર્ષનો રેકોર્ડ તોડ્યો છે

દેશનાં અનેક રાજ્યોમાં શીતલહેર છે. હવામાન વિભાગ અનુસાર રાજધાની દિલ્હીમાં શીતલહેરે ૧૨ વર્ષનો રેકોર્ડ તોડ્યો છે.દિલ્હીમાં શીતલહેરનો આઠમો દિવસ હતો, જે છેલ્લાં ૧૨ વર્ષમાં એક મહિનામાં સૌથી વધુ છે. અગાઉ જાન્યુઆરી, ૨૦૨૦માં દિલ્હીમાં ૭ દિવસ સુધી શીતલહેરનો દોર હતો. હવામાન વિશેષજ્ઞો અનુસાર, ૨૩-૨૪ જાન્યુઆરીએ ઉત્તર ભારતમાં એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થશે. જમ્મુ-કાશ્મીર, હિમાચલ, લદ્દાખ, ઉત્તરાખંડમાં વરસાદની સાથે જ હિમવર્ષા પણ થશે. તેની અસર રાજસ્થાન, પંજાબ, હરિયાણા, દિલ્હી, યુપીમાં જોવા મળશે. ૨૬ જાન્યુઆરીથી ઉત્તર ભારતમાં હવામાન સ્વચ્છ થવાનું શરૂ થશે. રાજસ્થાનમાં શીતલહેરની વચ્ચે વરસાદ અને કરા પડવાનું એલર્ટ છે. આગામી સપ્તાહે વરસાદની સાથે કરા પડી શકે છે. ૨૩ અને ૨૪ જાન્યુઆરીએ રાજસ્થાન સહિત ઉત્તર અને મધ્ય ભારતના અનેક ભાગમાં માવઠું થવાની સંભાવના છે. ચુરુ, ફતેહપુર, માઉન્ટ આબુમાં સતત પાંચમા દિવસે તાપમાન શૂન્યથી નીચે રહ્યું છે. યુપીના મુઝફ્ફરનગરમાં પારો ૧.૭ ડિગ્રી સુધી ગગડ્યો હતો. જ્યારે કાનપુરમાં ઠંડીએ ૧૯ વર્ષનો રેકોર્ડ તોડ્યો હતો. ૨૨ જાન્યુઆરીથી વરસાદની પણ વકી છે. હવામાન વિભાગે ૧૫ જિલ્લા માટે રેડ એલર્ટ જારી કર્યું છે. હિમાચલ પ્રદેશમાં આઠ દિવસ સુધી હવામાન ખરાબ રહેવાનું પૂર્વાનુમાન છે. શિમલા સહિત આઠ જિલ્લામાં ૨ દિવસ ભારે વરસાદ અને હિમવર્ષાની સંભાવના છે. ૨૦ જાન્યુઆરી સુધી ચંબા, કુલ્લુ, કિન્નોર, લાહોલ-સ્પીતિ, મંડી અને શિમલામાં વરસાદ-હિમવર્ષાની સંભાવના છે.

## વંદે ભારત ટ્રેનમાં સેલ્ફી લેવા ચડ્યો યુવક, પણ પછી જે થયું...સપનામાં પણ નહીં વિચાર્યું હોય

વિશાખાપટ્ટનમ, દેશના ઘણા રાજ્યોમાં વંદે ભારત ટ્રેન શરૂ થઈ ગઈ છે. આ ટ્રેનની મુસાફરીમાં મુસાફરોને લક્ઝરી ફીલ મળે છે. આ ટ્રેનમાં પ્રવાસ દરમિયાન ઘણા લોકો ફોટોગ્રાફ્સ લેતા પણ જોવા મળે છે. પરંતુ આંધ્રપ્રદેશના એક વ્યક્તિને તેનો સેલ્ફીનો ક્રેઝ ભારે પડી ગયો. આ વ્યક્તિ સેલ્ફી લેવા માટે વંદે ભારત એક્સપ્રેસમાં ચડ્યો હતો. અને સેલ્ફી લીધા બાદ ઉતારવા જઈ રહ્યો હતો ત્યારે જ ટ્રેનના ઓટોમેટિક લોક બંધ થઈ ગયા અને તે વ્યક્તિ ટ્રેનમાં જ લોક થઈ ગયો. એટલું જ નહીં આ વ્યક્તિને કારણ વગર જ ૨૦૦ કિલોમીટરની યાત્રા કરવી પડી હતી. આ ટ્રેન રાજમુન્દ્રી સ્ટેશન પર ઉભી હતી ત્યારે તે સેલ્ફી લેવા માટે વંદે ભારત ટ્રેનના કોચમાં પ્રવેશ્યો અને પછી તે બહાર આવી જ ન શક્યો. જેથી કંટાળીને તે વ્યક્તિએ ટિકિટ ચેકરને દરવાજો ખોલવા કહ્યું, પરંતુ ટીસીએ દરવાજો ખોલવાની ચોખ્ખી ના પાડી દીધી. જે બાદ ટ્રેન ત્યાંથી ૨૦૦ કિલોમીટર દૂર વિશાખાપટ્ટનમ પહોંચી પછી તે વ્યક્તિ ટ્રેનમાંથી ઉતરી શક્યો. એટલું જ નહીં ટીસીએ તેની પાસેથી વિખાશાપટ્ટનમ સુધીનું ભાડું પણ લીધું. ત્યારબાદ તેને ટ્રેનમાંથી ત્યાં ઉતારી દેવાયો. હવે આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. આ ક્લિપમાં આ વ્યક્તિ પોતાના હાથ વડે ટ્રેનનો દરવાજો ખોલવાનો પ્રયાસ કરતો જોવા મળે છે. પછી ટીસીના આગમન પહેલા ટ્રેન છોડવાનો પ્રયાસ કરે છે, પરંતુ દરવાજો ખુલતો નથી. વાયરલ વીડિયોમાં, જે વ્યક્તિ રાજમુન્દ્રી ખાતે ટ્રેનમાં ચડ્યો હતો તે ટીસીને કહે છે કે તે માત્ર વંદે ભારત ટ્રેનમાં ફોટો લેવા આવ્યો હતો. પછી તે ટીસીને દરવાજો ખોલવા કહે છે. વાયરલ વીડિયોમાં ટીસી કે વ્યક્તિ પર ગુસ્સે ભરાઈ છે. પછી ટીસીએ આ વ્યક્તિને કહે છે કે 'એકવાર દરવાજો બંધ થઈ જાય પછી તે ખોલી શકાતો નથી. તે ઓટોમેટિક છે. ટ્રેનની અંદર ફોટા પાડવા કોણ આવે છે? શું તમે ગાંડા છો?' આંધ્રપ્રદેશના એક વ્યક્તિને વંદે ભારત એક્સપ્રેસમાં સેલ્ફી લેવી મોંઘી પડી. ટ્રેનના દરવાજા આપોઆપ લોક થઈ ગયા. સેલ્ફીના ચક્કરમાં વ્યક્તિએ ૨૦૦ કિલોમીટરની મુસાફરી કરવી પડી હતી. રસપ્રદ વાત એ છે કે ટીસીએ આ વ્યક્તિ પાસેથી ૨૦૦ કિમીનું ભાડું પણ લીધું હતું.

## Amazonમાં ૨૩૦૦ કર્મચારીઓને મળી વોર્નિંગ નોટિસ

નવીદિલ્હી, વર્ષ ૨૦૨૩ની શરૂઆત થતા જ ઈ કોમર્સ કંપની અમેઝોને એ વાતની જાહેરાત કરી દીધી હતી કે કંપની ૧૮ હજાર કર્મચારીઓને બહારનો રસ્તો દેખાડવાની છે અને હવે એવા સમાચાર આવ્યા છે કે અમેઝોન કંપનીના ઉફહિ છર્ઝ હેઠળ લગભગ ૨૩૦૦ કર્મચારીઓને વોર્નિંગ નોટિસ મળી છે. ન્યૂઝ એજન્સી રોયટર્સના રિપોર્ટ મુજબ અમેરિકા સિવાય કોસ્ટા રિકા અને કેનેડામાં કામ કરનારા કર્મચારીઓ ઉપર પણ ગાજ પડવાની છે. કંપનીના સીઈઓ એન્ડી જેસીએ જેમ કે પહેલા જ આ વાતની જાહેરાત કરી દીધી હતી કે ૧૮ હજારથી વધુ કર્મચારીઓની નોકરી પર તલવાર લટકી રહી છે. તેની અસર જાન્યુઆરી ૨૦૨૩ના પહેલા અઠવાડિયામાં જોવા મળી જ્યારે કંપનીએ લગભગ ૮ હજાર કર્મચારીઓની છટણી કરતા કર્મચારીઓની સંખ્યામાં ૨ ટકાનો ઘટાડો કર્યો હતો. કંપનીના સીઈઓ પહેલેથી જ ૧૮ હજાર લોકોની નોકરી જવાનો સંકેત આપી ચૂક્યા છે. જાન્યુઆરીના પહેલા અઠવાડિયામાં ૮ હજાર કર્મચારીઓ બાદ હજુ પણ છટણીની લહેર ચાલુ છે. આવામાં બની શકે કે આવનારા સમયમાં કંપનીમાં કામ કરતા વધુ લોકોની નોકરી જઈ શકે છે. દુનિયાભરની મોટી ટેક કંપનીઓ એકએક કરીને છટણી જેવા મોટા નિર્ણય લઈ રહી છે. અત્રે જણાવવાનું કે હાલમાં જ માઈક્રોસોફ્ટે પણ લગભગ ૧૧ હજાર લોકોને કંપનીમાંથી કાઢવાનો નિર્ણય લીધો. માઈક્રોસોફ્ટમાં થનારી આ છટણીની અસર કંપનીના એન્જિનિયરિંગ વિભાગ પર પડશે. તેનો અર્થ કંપનીના આ વિભાગમાં કામ કરતા કર્મચારીઓ છટણીથી પ્રભાવિત થશે. નોંધનીય છે કે માઈક્રોસોફ્ટે કોવિડ દરમિયાન ૩૬ ટકા લોકોને હાયર કર્યા હતા. હવે કંપની ફક્ત ૫ ટકા જ કર્મચારીઓની છટણી કરવાનો મોટો નિર્ણય કર્યો છે.

## કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં કહ્યું- રામસેતુને રાષ્ટ્રીય ધરોહર જાહેર કરવાની પ્રક્રિયા ચાલી રહી છે?!

નવીદિલ્હી, કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટને કહ્યું છે કે તે રામ સેતુને રાષ્ટ્રીય ધરોહર સ્મારક તરીકે જાહેર કરવાની પ્રક્રિયામાં છે અને તેના પર વિચાર કરી રહી છે. બીજેપી નેતા સુબ્રમણ્યમ સ્વામીની અરજી પર સુનાવણી કરતા કોર્ટે અરજદારને નિર્દેશ આપ્યો કે તે મંત્રાલયને આનાથી સંબંધિત વધારાના પુરાવા આપી શકે છે.રામ સેતુ એ તમિલનાડુના દક્ષિણપૂર્વ કિનારે આવેલા પમ્બન ટાપુ અને શ્રીલંકાના ઉત્તરપશ્ચિમ કિનારે આવેલા મન્નાર ટાપુ વચ્ચે ચૂનાના પત્થરોની સાંકળ છે. બીજેપી નેતા ને સ્વામીએ કહ્યું છે કે તેઓ મુકદ્દમાના પ્રથમ રાઉન્ડમાં જીતી ગયા છે, જે અંતર્ગત કેન્દ્ર સરકારે રામ સેતુના અસ્તિત્વને સ્વીકાર્યું હતું. તેમણે કહ્યું કે સંબંધિત કેન્દ્રીય પ્રધાને તેમની માંગ પર વિચાર કરવા માટે ૨૦૧૭ માં એક બેઠક બોલાવી હતી પરંતુ પછી કંઈ થયું નહીં. ભાજપના નેતાએ અગાઉ યુપીએ સરકારના પ્રથમ કાર્યકાળ દરમિયાન વિવાદાસ્પદ સેતુસમુદ્રમ જળમાર્ગ પ્રોજેક્ટ સામે તેમની પીઆઈએલમાં રામ સેતુને રાષ્ટ્રીય સ્મારક તરીકે જાહેર કરવાનો મુદ્દો ઉઠાવ્યો હતો.

## આજનું રાશિફળ

મેષ- માનસિક શાંતિ માટે તમારી જાતને કોઈ દાન કે સખાવતી પ્રવૃત્તિમાં સાંકળો. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. સામાજિક પ્રવૃત્તિઓ આનંદનું માધ્યમ છે પણ તમારે તમારાર રહસ્યો અન્યો સાથએ શૅર કરવાનું ટાળવું જોઈએ. આજે તમારો પ્રણય સાથૂી તમને કશું ક અતિ સુંદર કરીને આશ્ચર્યચકિત કરી મુકશે. તમારામાં ઘણું બધું પ્રાપ્ત કરવાની ક્ષમતા છે-આથી તમારી સામે આવતી તકોની પાછળ લાગો. તમારું વ્યક્તિત્વ એવું છે કે તમે વધારે લોકો ને મળવા થી પરેશાન થયી જાઓ છો અને પછી તમારા માટે સમય શોધવા નો પ્રયાસ શરૂ કરો છો. તેથી, આજ નો દિવસ તમારા માટે ઉત્તમ દિવસ બની રહ્યો છે. આજે તમને તમારા માટે પૂરતો સમય મળશે.

વૃષભ-તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. આજે ઘર થી નીકળતા પહેલા વડીલો નું આશીવાદ લો. આના થી તમને ધન લાભ થયી શકે છે. સંબંધીઓને મળવા જવા નાનકડી મુસાફરી તમારા રોજિંદા ભાગદોડભર્યા સમયપત્રકમાંથી તમને રાહત તથા હળવાશ આપશે. તમારા પ્રિયપાત્ર સાથે કૅન્ડીફ્લૉસ તથા ટૉફી શૅર કરશો એવી શક્યતા જોવાય છે. નવી બાબતો શીખવાની અભિરૂચિ નોંધપાત્ર રહેશે. તમે જો કોઈ પરિસ્થિતિથી દૂર ભાગશો-તો એ શક્ય હોય એટલી ખરાબ રીતે તમારો પીછો કરશે. સ્ત્રીઓ ગુરૂ ગ્રહની છે અને પુરૂષો મંગળના.

મિથુન-આનંદ-પ્રમોદ અને મોજ-મજાનો દિવસ. નાણાંપ્રવાહમાં વધારો લાંબા સમયથી ચૂકવવાની બાકી રકમ તથા બિલો ચૂકવવા આસાન બનાવશે. તમારે તમારો ફાજલ સ્ય બાળકોની સોબત માણવામાં વિતાવવો જોઈએ-આવું કરવા માટે તમારે નિયમિત બાબતો કરતાં કશુંક અલગ કરવાની જરૂર પડે તો એવું કરજો. તમારા પ્રિયપાત્રની વફાદારી પર શંકા ન કરતા. તમને આજે પ્રેમની સુંદર ચોકલેટના સ્વાદ માણવા મળશે. તમારા બાળકો ને આજે સમય નો સારો ઉપયોગ કરવા ની સલાહ આપી શકો છો. આજે તમારૂં લગ્નજીવન મસ્તી, આનંદ અને અત્યંત શાંતિનો અનુભવ કરાવનારૂં ઠરશે.

કર્ક-તમારા લાંબા સમયની બીમારીના ઈલાજ માટે સ્મિત થૅરેપીનો ઉપયોગ કરજો કેમ કે તે તમામ સમસ્યાની શ્રેષ્ઠ દવા છે. આજે કરેલું રોકાણ તમારી સમૃદ્ધિ તથા આર્થિક સુરક્ષામાં વધારો કરશે. તમારી જાતને ઘરની પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રાખો. એ દરમિયાન જ થોડોક સમય આનંદ-પ્રમોદની પ્રવૃત્તિઓમાં પણ ખર્ચો, જેથી વેગ જળવાઈ રહે તથા તમારૂં શરીર રિચાર્જ થાય. ભૂતકાળમાં તમારા પ્રિયપાત્રએ દાખવેલી ઉદાસીનતા માટે માફી આપી તમે તમારા જીવનને વધુ લાયક બનાલશો. બિઝનેસમેન્સ માટે સારો દિવસ. બિઝનેસ માટે એકાએક હાથ ધરાયેલો પ્રવાસ હકારાત્મક પરિણામ લાવશે. આજે તમે લોકો સાથે વાત કરવા માં તમારો કિંમતી સમય બગાડી શકો છો. તમારે આ કરવા નું ટાળવું જોઈએ. તમારા જીવનસાથી તમારી સાથે આટલા સારા ક્યારેય નહોતા. તમને આજે તમારા જીવનમાંના પ્રેમ તરફથી કોઈક સરપ્રાઈઝ મળી શકે છે.

સિંહ-તમારી રમૂજવૃત્તિ કોઈકને પોતાનામાં આ કૌશલ્ય વિકસાવવાનો ઉત્સાહ આપશે કેમ કે ખુશી ચીજ-વસ્તુઓ મેળવવામાં કે તેના સંગ્રહમાં નહીં પણ આપણી અંદર હોય છે. ખર્ચ પર અંકુશ મૂકો અને આજે તમારા ખર્ચમાં વધુ પડતા ઉડાઉ થવાનું ટાળો. તમે ભાગ્યે જ મળતા હો એવા લોકો સાથે સંપર્ક સાધવા માટે સારો દિવસ. આજે તમારૂં પ્રિયપાત્ર તમારા અનિશ્ચિત વર્તન સાથે પનારો પાડવામાં ખૂબ જ મુશ્કેલી અનુભવશે. મહત્વના લોકો સાથે હળો-મળો ત્યારે તમારા આંખ-કાન ખુલ્લા રાખો-કેમ કે એવું કરવાથી તમને મહત્વની કોઈ વાત જાણવા મળી શકે છે. અન્યોના ગળે તમારી વાત ઉતારવાની તમારી આવડત ઊંચા લાભ અપાવશે. તમારા પાડોશીઓ તમારા લગ્નજીવનમાં સમસ્યા ઊભી કરવાનો પ્રયાસ કરી શકે છે.

કન્યા-અનયોની ટીકા કરવામાં તમારો સમય વેડફશો નહીં, કેમ કે તેની અસર તમારા સ્વાસ્થ્ય પર પડી શકે છે. જો આજે તમે પોતાના મિત્રો સાથે ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો પૈસા સોચી વિચારી ને ખર્ચ કરો નહીંતર ધન હાનિ થયી શકે છે. એક સુંદર અને અદભુત સાંજ માટે મહેમાનો તમારા ઘરમાં ભીડ કરશે. રૉમાન્સ માટે ઉત્સાહજનક દિવસ-સાંજ માટે કોઈક ખાસ યોજના બનાવો અને તેને શક્ય એટલી રૉમેન્ટિક બનાવો. લાગે છે કે તમારા વરિષ્ઠો કામમાં આજે દેવદૂતની જેમ વર્તી રહ્યા છે. આજે તમે ઘર ના નાના સભ્યો સાથે ગપસપ કરી ને તમારા મફત સમય નો સારો ઉપયોગ કરી શકો છો. તમારા લગ્નજીવનમાં આજનો દિવસ વિશિષ્ટ છે, આજે તમને કશુંક ખરેખર અસાધારણ અનુભવવા મળશે.

તુલા-તમને તમારી જાત માટે સારી લાગણી થાય એવી બાબતો કરવા માટે અદભુત દિવસ. આજે તમારી સમક્ષ આવતી મૂડીરોકાણની નવી તકોને જાણો- પણ પ્રકલ્પના લાભ-હાનિ જાણ્યા બાદ જ તમારી જાતને નિર્ણય લેવા તૈયાર કરો. મિત્રો તથા પરિવાર સાથે આનંદદાયક સમય. આજે તમે પ્રેમની પીડા અનુભવશો. આજે કાર્યક્ષેત્ર માં તમારા કોઈ જુના કામ ની પ્રશંસા થયી શકે છે. તમારા કામ ના લીધે તમારી પદોન્નતિ પણ સંભવ છે. વેપારી લોકો આજે અનુભવી લોકો જોડે વેપાર આગળ વધારવા માટે સલાહ લયી શકે છે. ચોખ્ખાઈ અને સામાજિક કાર્યો આજે તમને આકર્ષશે-તમે જો તમારો સમય કોઈ સારા કાર્ય માટે ફાળવશો તો તમે બહુ મોટું પરિવર્તન લાવી શકો છો. લગ્નજીવન તમને થોડુંક કંટાળાજનક લાગશે. કશુંક ઉત્સાહજનક સોધી કાઢો.

વૃશ્ચિક-તમારા શરીરને રિચાર્જ કરવા માટે તમારે સંપૂર્ણ આરામ લેવો જઈએ અન્યથા થાક તમારામાં નિરાશવાદ પેદા કરી શકે છે. આજે તમે પૈસા બચાવવા માટે પોતાના પરિવાર માં થી સલાહ લયી શકો છો અને તેને પોતાના જીવન માં સ્થાન પણ આપી શકો છો? તમારા માતા-પિતાનું સ્વાસ્થ્ય વધુ ધ્યાન તથા દરકાર માગશે. પ્રેમ જીવનમાં સારો વળાંક આવશે કેમ કે તમે સારો સંબંધ વિકસાવશો. વ્યાવસાયિક મોરચે જવાબદારીમાં વધારો થવાની શક્યતા છે. આજે વિદ્યાર્થીઓ ના મન માં પ્રેમ નો તાવ પ્રવર્તે છે અને તેના કારણે તેઓ ઘણો સમય બગાડે છે.

ધન-પોતાના ઈર્ષાળુ વર્તનને કારણે પરિવારના કોઈક સભ્ય તમને ચીડવશે. પણ ગુસ્સે થવાની જરૂર નથી અન્યથા પરિસ્થિતિ હાથની બહાર જઈ શકે છે. યાદ રાખો તમે જે બાબતનો ઈલાજ કરી શકતા નથી તેને સહન કરવું રહ્યું. તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે અને આની સાથેજ મન માં શાંતિ પણ હશે. સાંજના સમયે સામાજિક પ્રવૃત્તિઓ તમારી ધારા કરતાં અનેકગણી સારી સાબિત થશે. તમે પ્રથમ નજરે જ પ્રેમમાં પડો એવી શક્યતા છે. આજે તમે જે લૅક્ચર અને સેમિનારમાં ભાગ લેશો તે તમને વિકાસના નવા વિચારો આપશે. તમને આજે ઘર ની એક જૂની વસ્તુ પડેલી જોવા મળે છે, જે તમને તમારા બાળપણ ના દિવસો ની યાદ અપાવે છે અને તમે તમારો દિવસ ઘણી ઉદાસી સાથે એકલા પસાર કરી શકો છો.

મકર-તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટૅન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. જરૂર પડશે તો તમારા મિત્ર તમારી મદદે આવશે. આજ નો દિવસ પ્રેમ ના રંગો માં ડૂબી જશે, પરંતુ રાત્રિ દરમિયાન તમે કોઈ જૂની બાબતે ઝઘડો કરી શકો છો. કામના સ્થળે આજે તમને સારા સમાચાર મળી શકે છે. પ્રવાસને કારણે તમે નવા સ્થળો જોઈ શકશો તથા મહત્વના લોકો ને મળી શકશો. નજીકના ભૂતકાળમાં જે કંઈપણ થયું છે તેમ છતાં તમારા જીવનસાથી આજે તમારી માટેની તેની સારી લાગીઓ આજે પ્રદર્શિત કરશે.

કુંભ-તમે નવરાશની લહેજત માણવાના છો. જો તમને લાગે છે કે તમારી જોડે પૂરતું ધન નથી તો ઘર ના કોઈ મોટા થી ધન સંચિત કરવા ની સલાહ લો. વૈવાહિક જોડાણમાં પ્રવેશવા માટે સારો સમય. અંગત સંબંધો સંવેદનશીલ તથા મૂલ્યવાન છે. કામના સ્થળે આજે કોઈ તમારી યોજનાઓમાં ભંગાણ પાડવાનો પ્રયાસ કરશે-આથી તમારી આસપાસ શું થાય છે તેના પર ચાંપતી નજર રાખજો. આ રાશિ ના વિદ્યાર્થીઓ આજે મોબાઈલ માં આખો દિવસ બગાડી શકે છે. બહુ સારૂં ન કહેવાય એવું વૈવાહિક જીવનને કારણે તમારા જીવનસાથી આજે તમારા પર વરસી પડે આવી શક્યતા છે.

મીન-આલ્કોહૉલનું સેવન ન કરો કેમ કે એનાથી તમારી ઊંઘમાં બગાડ થશે અને ગાઢ આરામ લેવાથી તમને વંચિત કરશે. તમારું કોઈ મિત્ર આજે તમારા થી મોટી રકમ ઉધાર માંગી શકે છે, જો તમે તેને આ રકમ આપો છો તો તમે નાણાકીય સંકટ માં આવી શકો છો. તાણભર્યો સમય પ્રર્વતશે પણ પરિવારનો સહકાર તમને મદદ કરશે. આજે મિત્રતામાં ભંગ પડવાની પૂરેપૂરી શક્યતા હોવાથી ચોકસાઈ રાખો. તમે જો તમારૂં કૌશલ્ય તથા પ્રતિભા યોગ્ય લોકોને દેખાડશો તો ટૂંક સમયમાં તમારી જાહેર છબિ નવી અને સારી થઈ જશે. સાનુકૂળ ગ્રહો તમને આજે ખુશ થવાના અનેક કારણો આપશે. કોઈ અજાણી વ્યક્તિને કારણે તમારા અને તમારા જીવનસાથી વચ્ચે ખટરાગ થવાની શક્યતા છે.

## મહારાષ્ટ્રમાં ભાજપ ગઠબંધનની સરકાર લોકોની વચ્ચે ભેદભાવ પેદા કરી રહી છે : આદિત્ય ઠાકરે

મુંબઈ, શિવસેના(યુબીટી)ના નેતા આદિત્ય ઠાકરેએ મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે તેમની પાર્ટીમાં એક મોટાપાયે પરિવર્તન થયું છે. જે કયારેક પોતાની આક્રમક ભૂમિપુત્રોની રાજનીતિ માટે જાણતી હતી. મહારાષ્ટ્રના પૂર્વ મંત્રી આદિત્ય ઠાકરે પોતાના પિતા ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વવાળી શિવસેના જુથ દ્વારા આયોજીત રોજગાર મેળામાં બોલી રહ્યાં હતાં. ૩૨ વર્ષીય આદિત્ય ઠાકરેએ કહ્યું કે શિવસેનામાં આમૂલ પરિવર્તન થયું છે જે માટીના પુત્રોના અધિકારો માટે આંદોલન શરૂ કરતી હતી. હવે અમે માટીના પુત્રો ખાસ કરીને યુવાનોના મુદ્દાને સંબોધિત કરવા માટે નોકરી મેળો આયોજિત કરીએ છીએ એક નવી અને મજબુત શિવસેના બની રહી છે કારણ કે યુવા તેનો હિસ્સો બની રહ્યાં છે. આદિત્ય ઠાકરેએ કહ્યું કે ભાજપની ગઠબંધન સરકાર અને એકનાથ શિંદેના નેતૃત્વ વાળી બાલાસાહેબંચી શિવસેનાએ લોકોને વિભાજીત કરવા સિવાય કંઇ કર્યું નથી ગત અનેક મહીનાઓથી આદિત્ય ઠાકરે મહારાષ્ટ્ર સરકાર પર પ્રહારો કરી રહ્યાં છે. એ યાદ રહે કે ૨૨ ડિસેમ્બરે ભાજપ નેતા નિતેશ રાણેએ દિશા સાલિયાન મોતના મામલામાં શિવસેના નેતા આદિત્ય ઠાકરેનો નાર્કો ટેસ્ટ કરાવવાની માંગ કરી હતી જયારે આ મામલા પર આદિત્ય ઠાકરેએ કહ્યું કે મહારાષ્ટ્રની શિંદે સરકાર એક ૩૨ વર્ષના યુવાથી ગભરાઇ ગઇ છે.આદિત્ય ઠાકરેએ કહ્યું કે એક નવયુવાને મહારાષ્ટ્ર સરકારને ધ્રુજાવી રાખી દીધી છે. આદિત્ય ઠાકરેએ કહ્યું કે આ લોકોના પણ જવાન પુત્ર અને પુત્રીઓ છે. એ યાદ રહે કે દિશા સાલિયાન મામલામાં મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસે વિશેષ તપાસ ટુકડી (એસઆઈટી)ની રચનાની જાહેરાત કરી હતી ફડનવીસે કહ્યું હતું કે દિશા સાલિયાનનો મામલો પહેલા જ મુંબઇ પોલીસની પાસે છે અને જેમની પાસે પણ પુરાવા છે તેને તેઓ એસઆઈટીને આપી શકે છે.તેમણે ભાજપના ધારાસભ્યો અને એકનાથ શિંદે જુથના શિવસેના ધારાસભ્યોની માંગ પર આ મામલાની તપાસ એસઆઈટીને સોંપી છે. મહારાષ્ટ્રના પૂર્વ મંત્રી આદિત્ય ઠાકરે પોતાના પિતા ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વવાળી શિવસેના જુથ દ્વારા આયોજીત રોજગાર મેળામાં બોલી રહ્યાં હતાં. ૩૨ વર્ષીય આદિત્ય ઠાકરેએ કહ્યું કે શિવસેનામાં આમૂલ પરિવર્તન થયું છે જે માટીના પુત્રોના અધિકારો માટે આંદોલન શરૂ કરતી હતી.

## હર્ષીના શિક્ષણ માટેની પહેલ સફળ થઈ, ૫.૫૧ લાખ એકત્રિત

મોરબી, ગુજરાત અને ખાસકરીને મોરબી શહેર આ તારીખ ક્યારેય નહીં ભૂલી શકે. તહેવારો ટાણે અનેક લોકો પોતાના મિત્રો અને પરિવારજનો સાથે મોરબીના ઐતિહાસિક ઝૂલતા પુલ પર લટાર મારવા નીકળ્યા હતા અને પછી એકાએક તે પુલ તૂટી પડ્યો. આ દુર્ઘટનામાં જીવ ગુમાવનારા લોકોમાં પાંચ વર્ષની એક માસૂમ બાળકી હર્ષી ચાવડાના માતા-પિતા પણ હતા. આ માસૂમ દીકરીએ વિચાર્યુ પણ નહીં હોય કે માતા-પિતા સાથે ફરવા માટે નીકળી હતી પણ તેના માથેથી માતા-પિતાનો હાથ દૂર થઈ જશે. હર્ષી માટે કંઈ પણ સમજવું મુશ્કેલ હતું, તેને બસ એક વાત સમજાતી હતી કે તેના મમ્મી પપ્પા આસપાસ નથી અને તે બસ રડી રહી હતી. અત્યારે તે અમદાવાદ શહેરના આંબાવાડી વિસ્તારમાં દાદા-દાદી સાથે રહે છે. ઉલ્લેખનીય છે કે હર્ષી અત્યારે સિનિયર કેજીમાં અભ્યાસ કરે છે. તાજેતરમાં જ નિમણૂક કરવામાં આવેલા જિલ્લા શિક્ષણ અધિકારી આર.એમ. ચૌધરીએ હર્ષીના અભ્યાસનો ખર્ચ પૂરો કરવા માટે ક્રાઉડ-ફંડિંગની શરુઆત કરી હતી.

આ પહેલને લોકોએ ખૂબ સારો પ્રતિસાદ આપ્યો છે અને અત્યાર સુધી ૫.૫૧ લાખ રુપિયા એકત્રિત કરવામાં આવ્યા છે.ભૂયંગદેવ વિસ્તારમાં આવેલી એક શાળાએ હર્ષીના અભ્યાસ માટે ૩૦,૦૦૦ રુપિયાનું દાન કર્યું છે. લોકોએ પોતાની ક્ષમતા અનુસાર શક્ય હોય તેટલી રકમ દાન કરી છે.

### આઈઈએલ લિમિટેડ

રજી.ઓફિસઃ શેડ નં. ૧૫, શ્યામ હરી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ફેઝ ૪, જીઆઈડીસી, વટવા, અમદાવાદ- ૩૮૨૪૪૫, ગુજરાત, ભારત
ટેલીફોન : ૦૭૯-૪૦૦૨૬૦૯૫, વેબસાઈટ : www.ielindia.in,
ઈ-મેલ : ieliimitedamd@gmail.com,
CIN :L15140GJ1956PLC124644

૩૧મી ડિસેમ્બર,૨૦૨૨ ના રોજ પુરા થતા ક્વાર્ટર અને નવમહિનાના અંતે સ્ટેન્ડલોન અન- ઓડિટેડ નાણાંકીય પરિણામનો ઉતારો (રકમ લાખમાં)

| ક્રમ. નં. | વિગતો | ત્રિમાસિકના અંતે ૩૧.૧૨.૨૦૨૨ (અનઓડિટેડ) | નવ માસિકના અંતે ૩૧.૧૨.૨૦૨૨ (અન ઓડિટેડ) | ત્રિમાસિકના અંતે ૩૧.૧૨.૨૦૨૨ (અન ઓડિટેડ) | વર્ષના અંતે ૩૧.૦૩.૨૦૨૨ (ઓડિટેડ) |
|---|---|---|---|---|---|
| 1 | કામકાજમાંથી કુલ આવક | 590.63 | 1003.85 | 0.50 | 122.58 |
| 2 | ચોખ્ખો નફો / (નુકશાન) (ટેક્સ પહેલાની, અસામાન્ય અને / અથવા વિશિષ્ટ પ્રકારની આઇટમો) | 91.67 | 240.83 | (5.92) | 32.00 |
| 3 | ચોખ્ખો નફો / (નુકશાન) (ટેક્સ પહેલાની, અસામાન્ય અને / અથવા વિશિષ્ટ પ્રકારની આઇટમો) | 91.67 | 240.83 | (5.92) | 32.00 |
| 4 | ચોખ્ખો નફો / (નુકશાન) (ટેક્સ પહેલાની, અસામાન્ય અને / અથવા વિશિષ્ટ પ્રકારની આઇટમો) | 91.67 | 240.83 | (5.92) | 32.00 |
| 5 | નફો / (નુકશાન) ટેક્સ પછી અને બીજી સાંયોગિક આવક (નુકસાન) ટેક્સ પછી અને અન્ય અસાધારણ આય (ટેક્સ પછી) | 91.67 | 240.83 | (5.92) | 32.00 |
| 6 | ઇક્વિટી શેરમૂડી | 333.76 | 333.76 | 333.76 | 333.76 |
| 7 | ગત વર્ષના ઓડીટેડ બેલેન્સશીટમાં કરેલી જોગવાઈ પ્રમાણે અનામત (અનામતનું મુલ્યાંકન પ્રમાણે) | 0 | 0 | 0 | (473.72) |
| 8 | શેરદીઠ કમાણી (અસાધારણ આઈટમો બાદ) (રૂા. ૧૦/- પ્રત્યેક) ( જાહેર નથી કરેલ ) | | | | |
| | (એ) બેઝિક રૂા.માં | 2.75 | 7.22 | (0.18) | 0.96 |
| | (બી) ડાલ્યુટેડ રૂા.માં | 2.75 | 7.22 | (0.18) | 0.96 |

નોંધઃ
૧. અહી ઉપરોક્ત તિમાહી અને નવ માસિકના અંતે અન ઓડિટેડ નાણાંકીય વર્ષનુ પરિણામ જે ૩૧મી ડિસેમ્બર, ૨૦૨૨ ના રોજ પુરૂ થાય છે તે સ્ટોક એક્ષચેન્જમાં સેબીની કલમ ૩૩ (લિસ્ટીંગ એન્ડ અધર ડિસ્કલોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ મુજબ વાર્ષિક નાણાંકીય પરિણામ જે ક્વાર્ટર અને નવમાસિક ની સંપૂર્ણ માહિતી સ્ટોક એક્સચેન્જ ની વેબસાઇટ www.bseindia.com અને કંપની ની વેબસાઇટ ઉપર પણ ઉપલબ્ધ છે.

બોર્ડના આદેશ દ્વારા
આઈઈએલ લિમિટેડ વતી
સહી/-
રોનીત ચંપકલાલ શાહ
મેનેજીંગ ડિરેક્ટર
ડિનઃ ૦૨૮૫૧૮૦૬

સ્થળઃ અમદાવાદ
તારીખઃ૨૦/૦૧/૨૦૨૩

### ભૌતિક કબ્જા નોટીસ

ICICI Bank

બ્રાન્ચ ઓફિસઃ આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ.,ઓફિસનં ૨૦૧-બી, બીજે માળ,રોડનં ૧, પ્લોટ નં- બી ૩ વાઈફાઈ આઈટી પાર્ક, વાગલે ઈન્ડસ્ટીયલએસ્ટેટ, થાણે, મહારાષ્ટ્ર-૪૦૦૬૦૪

આથી
સિક્યુરાઈઝેશન રિકંસ્ટ્રક્શન ફાઈનાન્સ એસેટ એન્ડ ઈનફોર્મેમેન્ટ ઓફ સિક્યુરિટી ઓફ ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ અને સિક્યુરિટી ઈન્ટરેસ્ટ ઈન્ફોર્સમેન્ટ ૨૦૦૨ની કલમ ૧૩ (૧૨) તેની સાથે અનુચ્છેદ ૩ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ અહી નીચે સહી કરનાર આઈસીઆઈસીઆઈ બેંકના સત્તાવાર અધિકારીએ નીચે જણાવેલ લોકોને માંગણા નોટીસ આપી છે. આ નોટીસ આપ્યાથી ૬૦ દિવસની અંદર અહી દર્શાવેલા નાણા ભરી જવા જણાવવામાં આવે છે.
કરજદારો નાણા ચૂકવવામાં નિષ્ફળ ગયા છે. આથી કરજદારો અને સામાન્ય જનતાની જાણ માટે નીચે જણાવેલા અધિકારીએ અહી જણાવેલી મિલ્કતનો ભૌતિક કબ્જો લીધો છે જે કલમ ૧૩ (૪) અનુચ્છેદ ૮ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ કાર્યવાહી કરી છે. કરજદારો અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ પાસે આ મિલ્કત ટાંચમાં હોય કરજદારો અને સામાન્ય જનતાએ કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં.

| ક્રમ નં. | કરજદારોનું નામ / લોન એકાઉન્ટ નંબર | મિલ્કતની વિગત / ભૌતિક કબ્જાની તારીખ | ડિમાંડ નોટીસની તારીખ / ડિમાંડ નોટીસની રકમ (રૂ) | શાખાનું નામ |
|---|---|---|---|---|
| ૧. | અનિતા પ્રેમ પવાર/ દિપેશ પવાર LBSUR00004899222 /LBSUR00005334273 | શૉપ નં. યુજી ૬૧, ૧લો માળ, રાજમહેલ એસી મૉલ, ડીજીવીસીએલ પાસે, ઓપી નં.૨૩, બ્લોક -૬૨૭, મૌજે, પુણાગામ-આરએસ નં. ૫૭૬, બ્લોક નં. ૫૨૭, ટીપી સ્કીમ નં. ૧૨, એફપી નં. ૧૨/એ અને ૧૨/બી, ગુજરાત, સુરત-૩૯૫૦૧૦/૧૭જાન્યુઆરી, ૨૦૨૩ | ૨૩ જૂન, ૨૦૨૧ રૂા. ૩૨,૨૩,૦૫૭.૦૦/- | સુરત |

ઉપર જણાવેલા કરજદાર(રો)/ જામીનદાર(રો)અહી બાકી નાણાં પરત કરી જવા માટે ૩૦ દિવસની નોટીસ આપવામાં આવે છે. નહીં તો કલમ ૮ અને ૯ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (ઈન્ફોર્સમેન્ટ) રૂલ, ૨૦૦૨ની જોગવાઈ મુજબ જામીન તરીકે મુકેલી મિલ્કત આ નોટીસ પ્રસિદ્ધ થયાનાં ૩૦ દિવસ બાદ વેચી દેવામાં આવશે.

તારીખ : ૨૧ જાન્યુઆરી, ૨૦૨૩
સ્થળ : સુરત.

ઓથોરાઈઝડ ઓફિસર
આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ

### Utkarsh Small Finance Bank

Aapki Ummeed Ka Khaata
(A Scheduled Commercial Bank)

Registered Office: Utkarsh Tower, NH - 31 (Airport Road), Sehmalpur, Kazi Sarai, Harhua, Varanasi, U.P - 221 105.

"APPENDIX- IV-A*" [See proviso to rule 8 (6)]

**SALE NOTICE FOR SALE OF IMMOVABLE PROPERTIES**

E-Auction Sale Notice for Sale of Immovable Assets under the Securitisation and Reconstruction of Financial Assets and Enforcement of Security Interest Act, 2002 read with proviso to Rule 8 (6) of the Security Interest (Enforcement) Rules, 2002

Notice is hereby given to the public in general and in particular to the Borrower(s) and Mortgagor(s) that the below described immovable property mortgaged/charged to the Secured Creditor, the constructive possession of which has been taken by the Authorised Officer of **UTKARSH SMALL FINANCE BANK LIMITED**, ( herein after known as "the Secured Creditor"), will be sold on "As is where is", "As is what is", and "Whatever there is" basis through E-auction for recovery of amount mentioned in table below along with further interest, charges, cost and expenses being due to secured creditor. It is hereby informed you that we are going to conduct public E-auction through the Web Portal of M/S. C1 India Pvt. Ltd., **https://www.bankeauctions.com.**

| Sr. No. | Loan Account No. | Name of the Borrower/ Guarantor (Owner of the Property) | Amount & Date Demand Notice U/S 13(2) | Amount as on date | Date & Type of Possession | Reserve Price Earnest Money Deposit | Bid Increment Amount | E-Auction Date & Time | Inspection Date & Time |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 154005000 0000069 | Nishan Rameshkumar Khunt (Mortgager) Prabhaben Ramesh Bhai Khunt (Borrower) | 14,54,496/- 02-06-2022 | 16,11,308.51/- 12-01-2023 | 02-09-2022 Symbolic | 8,96,000/- 89,600/- | 10,000/- | 23-02-2023 11am - 1pm | 14-02-2023 15-02-2023 |
| EMD Submission Last Date | 22-02-2023 | Place of Submission Bids & Documents | **Utkarsh Small Finance Bank Ltd., Branch Office:** Utkarsh Small Finance Bank Ltd., Varachha, Surat Branch Office: Upper Floor, Jr Plaza, Bs. Cng Pump, Chikuwadi, Nana Varachha, Surat, 395006, Gujarat. | | | | | | |
| **Description of property/ies :** Block No 142, Flat No D-406, 4th Floor, Building D, City Palace Residency, Village Baben, Tal. Bardoli, Dist. Surat- 394601, Gujarat East: Open Space West: Passage & Flat No 405 North: Open Space South: Flat No 407. | | | | | | | | | |
| 2 | 154006000 0000013 | Sah Rajeshkumar (Borrower) Shail Devi (Mortgagor) | 12,34,359.6/- 15-07-2022 | 13,39,493.81/- 12-01-2023 | 04-11-2022 Symbolic | 13,08,500/- 1,30,850/- | 10,000/- | 23-02-2023 11am - 1pm | 14-02-2023 15-02-2023 |
| EMD Submission Last Date | 22-02-2023 | Place of Submission Bids & Documents | **Utkarsh Small Finance Bank Ltd., Branch Office:** Utkarsh Small Finance Bank Ltd., Varachha, Surat Branch Office: Upper Floor, Jr Plaza, Bs. Cng Pump, Chikuwadi, Nana Varachha, Surat, 395006, Gujarat. | | | | | | |
| **Description of property/ies :** Plot No. 185, Aradhana Dream -1, Block No. 159, 162, New Block No. 159, Moje: - Jolva, Tal: - Palsana, Dist: - Surat, Gujarat- 394305 East: Adj. Society Road West: Adj. Society Boundary North: Adj. Plot No. 186 South: Adj. Plot No 184. | | | | | | | | | |
| 3 | 1541060000 000017 | Umeshkumar G Trivedi (Mortgagor/ Borrower) Giraben Umeshbhai Trivedi (Mortgagor/Guarantor) | 16,24,537/- 22-08-2022 | 17,92,905.31/- 12-01-2023 | 22-11-2022 Symbolic | 23,31,000/- 2,33,100/- | 10,000/- | 23-02-2023 11am - 1pm | 14-02-2023 15-02-2023 |
| EMD Submission Last Date | 22-02-2023 | Place of Submission Bids & Documents | **Utkarsh Small Finance Bank Ltd., Branch Office:** Mithakhali, Ahmedabad 601 & 602, 6th Floor, SPG Empressa, Opp Lg Showroom, B/s- Passport Seva Kendra, Nr Mithakhali Six Roads, Ahmedabad, 380009. | | | | | | |
| **Description of property/ies :** Survey No 226/2, Tps No. 22, Fp No. 327, Susmita Co-Operative Housing Society Limited, Flat No. 5, Block No. B, 1 St Floor, Mouje Paldi- 380007, Ta & Dist Ahemdabad - 4, East: Flat No B -6 West: Marjin Land Then Society Block No. H North: Common Passage Then Flat No B-8 South: Marjin Land Then Block No - C | | | | | | | | | |

All interested participants /bidders are requested to visit **https://www.bankeauctions.com** and **https://www.utkarsh.bank** for further details including term & conditions, to take part in e-auction proceeding and also advised to contact **Mr. Arif Mulla Mob. 9892767237 E-mail arif.mulla@utkrash.bank**

**THIS IS ALSO A STATUTORY 30 DAYS SALE NOTICE UNDER RULE 8(6) OF SECURITY INTEREST (ENFORCEMENT) RULES, 2022.**
**STATUTORY 30 DAYS SALE NOTICE TO THE BORROWER(S)/MORTGAGOR AND GUARANTOR (S).**

**Term & Conditions:** 1. The E-auction of secured assets is on "As is where is", "As is what is", "Whatever there is" and "No recourse" basis for and on behalf of the secured creditor and to the best of knowledge and information of the Authorised Officer, there is no encumbrance on said property/ies. The property is being sold with all the existing and future encumbrances whether known or unknown to the bank. The Authorised Officer/ Secured Creditor shall not be responsible in any way for any third party claims/ rights/ dues.2. For participating in e-auction sale, Bid documents, copies of PAN card, Board resolution in case of company, photo ID and address proof are required to be submitted along with EMD which is payable through NEFT/ RTGS in name of **"Authorised officer Utkarsh Small Finance Bank Limited" Current Account No 1375200000000003 IFSC UTKS0001375 Address UTKARSH SMALL FINANCE BANK LIMITED, D37/37 Badadev, Spice KCM Varanasi-221002, BRANCH GODWALIA.** Once an online bid is submitted, same cannot be withdrawn. Further, any EMD submitted by bidder will be required to send the UTR/ Ref. No. of the RTGS/NEFT with a copy of cancelled cheque on Email- **Email- arif.mulla@utkarsh.bank and akshay.lad@utkarsh.bank** 3. Only buyers holding valid User ID/ Password and confirmed payment of EMD through NEFT/ RTGS shall be eligible for participating in the e-Auction process.

Sd/-
Arif Mulla (Authorized Officer)
Utkarsh Small Finance Bank Ltd.

Date: 21/01/2023
Place: Gujarat